**JUN 2025**

વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.

## જેમના હૃદયમાં એકમાત્ર કૃપાળુદેવ વસતા હતા એવા પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના સમાધિ દિને (જેઠ વદ ૧૦) તેમના ચરણોમાં કોટી કોટી વંદન



"......શ્રી સોભાગે દેહને ત્યાગતાં મોટા મુનિઓને દુર્લભ એવી નિશ્ચલ અસંગતાથી નિજ ઉપયોગમય દશા રાખીને અપૂર્વ હિત કર્યું છે, એમાં સંશય નથી. આ ક્ષેત્રે આ કાળમાં શ્રી સોભાગ જેવા વિરલા પુરુષ મળે એમ અમને વારંવાર ભાસે છે. શ્રી સોભાગની સરળતા, પરમાર્થ સંબંધી નિશ્ચય, મુમુક્ષુ પ્રત્યે પરમ ઉપકારતા આદિ ગુણો વારંવાર વિચારવા યોગ્ય છે.

શ્રી સોભાગ મુમુક્ષુએ વિસ્મરણ કરવા યોગ્ય નથી."

– શ્રીમદ્ રાજચંદ્ર

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૧ : અંક–૩૩૦, વર્ષ–૨૭, જૂન–૨૦૨૫


## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**

પોતામાં જે ગુણ ન હોય અને બીજા કોઈ તે ગુણ કહે, તમે આવા ગુણી છો, ત્યારે જ્ઞાનીને એમ થાય છે કે, મારામાં આ ગુણ નથી અને મને આ ગુણ છે એમ કહે છે તે મને આળ આપે છે. અજ્ઞાનીને પોતામાં ગુણ ન હોવા છતાં તેની ભાવના એમ રહ્યા કરે છે કે, મને કોઈ ગુણી માને તો ઠીક. આ તેનું અજ્ઞાન છે. ૧૦૮.

*


એક અવગુણ ટળે ત્યાં તેની સામે ગુણ પ્રગટ થવો જ જોઈએ. ગુણ પ્રગટ થાય તો જ અવગુણ ટળ્યો કહેવાય. ૧૦૯.

*

આકુળતાવાળા સુખથી પણ શરીરનો વ્યાધિ ભૂલી જવાય છે તો અનાકુળતાવાળા સુખથી જગત કેમ ન ભુલાય ? અર્થાત્ આત્માના સાચા સુખ વડે સંસારનાં ગમે તેવાં ઘોર દુઃખો પણ ભૂલી જવાય છે. ૧૧૦.

*

જગતનો પ્રેમ ઘટાડ્યા સિવાય પરમેષ્ઠીના હૃદયમાં શું છે ? તેના કાળજામાં શું છે ? – તે સમજાય નહિ. માટે પરમેષ્ઠીનું સ્વરૂપ જાણવા



જગતનો પ્રેમ ઘટાડવો. ૧૧૧.

*

પ્રશ્ન :– જ્ઞાન જ્ઞાનને તો કરેને ?

સમાધાન :– એકલા જ્ઞાનને ન પકડવો, આખા આત્માને અનુભવવો, આ જ્ઞાન-પ્રધાન કથન છે પણ જ્ઞાન સાથે બધી શક્તિના નિર્મળ પરિણામ વડે આત્મા પરિણમે છે. ૧૧૨.

*

પ્રભુ તો ચૈતન્યઘન છે જેમાં મોક્ષ ને મોક્ષમાર્ગનું કરવું નથી, બંધ ને બંધના કારણનું કરવું નથી. બંધ-મોક્ષના કારણ અને બંધ-મોક્ષના

પરિણામથી સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ ભગવાન શૂન્ય છે. સમ્યગ્દર્શનના પરિણામથી પણ ત્રિકાળી ધ્રુવ શૂન્ય છે. ઉત્પાદ-વ્યય તો પરિણામ છે, તેને (ધ્રુવ) સ્પર્શતું જ નથી તો કરે શી રીતે ? ૧૧૩.

*

શુદ્ધ પારિણામિક ભાવ છે તે ભાવનારૂપ નથી, તે વર્તમાન પર્યાયરૂપ નથી. મોક્ષના કારણ રૂપ જે અબંધ પરિણામ છે તે ભાવનારૂપ છે ને ત્રિકાળ શુદ્ધ પારિણામિક તે ભાવનારૂપ નથી, એ તો ભાવ છે. રાગ તો કયાંય દૂર રહી ગયો. પણ મોક્ષનો માર્ગ પણ ભાવનારૂપ હોવાથી તે શુદ્ધ પારિણામિકભાવથી ભિન્ન છે. ૧૧૪.

*

મિથ્યાત્વભાવ છે તે વિકારીભાવ છે, તે પણ પોતાના ષટ્કારકોથી થાય છે, તેને કર્મની કે નિમિત્તની અપેક્ષા નથી. જ્યારે વિકારની પર્યાયને પણ કે જે આત્માનો સ્વભાવ નથી. તેમ જ કોઈ એવી શક્તિ નથી કે વિકારને કરે, છતાં પણ સ્વતંત્રપણે પોતાના એક સમયના ષટ્કારકથી થાય છે, તો પછી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચય મોક્ષમાર્ગની જે નિર્મળ પર્યાય છે તે પોતે એક સમયના ષટ્કારકથી પરિણમન થઈને જ ઉત્પન્ન થાય. જે નિશ્ચય મોક્ષમાર્ગને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યની પણ અપેક્ષા નથી તે વ્યવહારરત્નત્રયના રાગથી થાય એમ કેમ બને ? ૧૧૫.

*

શુદ્ધ પારિણામિકભાવ એવા ત્રિકાળી સહજાનંદ પ્રભુને અવલંબનારી જે ભાવના- ત્રિકાળી નિજાનંદ પ્રભુ તે ભાવ છે અને તેના લક્ષે-તેના અવલંબે જે નિશ્ચયમોક્ષનો માર્ગ પ્રગટે છે તે ભાવના છે. એવી ભાવનારૂપ ઉપશમ ક્ષયોપશમ ક્ષાયિક ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. ઉપશમાદિ ભાવો સમસ્ત રાગાદિ રહિત છે. એટલે કે કોઈ પણ રાગનો અંશ મોક્ષમાર્ગ હોઈ શકે નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે મોક્ષનો માર્ગ ન હોય, તે ઉદયભાવ છે તેથી બંધ ભાવ છે અને જે આ ઉપશમાદિ ભાવો છે તેઓ સમસ્ત રાગાદિ રહિત હોવાથી મોક્ષમાર્ગ છે-મોક્ષનાં કારણ છે. ૧૧૬.

*

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો ત્રિકાળ સ્વભાવભાવ છે. તે મોક્ષ કરવો છે કે તે મોક્ષ થયો છે તેમ નથી, પણ એ શક્તિરૂપ મોક્ષનો આશ્રય કરીને જે પર્યાય થાય તે વ્યક્તિરૂપ મોક્ષ છે. તે વ્યક્તિરૂપ મોક્ષ મોક્ષમાર્ગની પર્યાયથી પ્રાપ્ત થાય છે. પણ દ્રવ્યથી પ્રાપ્ત થતો નથી. પર્યાય છે તે મોક્ષ પ્રગટ કરે છે. ત્રિકાળી ધ્રુવદ્રવ્ય મોક્ષને પ્રગટ કરતું નથી. કે જડકર્મ મોક્ષને પ્રગટ કરતું નથી. આ પણ ખરેખર તો શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષનું કારણ કહ્યું , પણ તે અપેક્ષિત છે. બાકી તો મોક્ષનો માર્ગ વ્યય થઈને મોક્ષની પર્યાય થાય. ૧૧૭.

*

અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન-શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષીજ્ઞાન નહીં તે ધ્યાનરૂપ છે. અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી. કારણ કે ધ્યાન વિનશ્વર છે,

કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતા મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે- વ્યય થઈ જાય છે. શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે. કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી. ૧૧૮.

*

સમ્યગ્દર્શનમાં ક્ષયોપશમજ્ઞાન છે તે કેવું છે- કે નિર્વિકાર-સ્વ સંવેદન લક્ષણવાળું છે, એમ કહીને એમાં કહે છે કે, શાસ્ત્રજ્ઞાન છે તે કાર્ય નહીં કરે પણ નિર્વિકારી સ્વસંવેદનજ્ઞાન છે તે કાર્ય કરે છે. તેને અહીં ક્ષયોપશમજ્ઞાન કહે છે. સમ્યગ્દર્શન થતાં જે જ્ઞાન છે તે ક્ષયોપશમજ્ઞાન છે, ભલે ક્ષાયિક સમ્યગ્દર્શન હો પણ જ્ઞાન તો ક્ષયોપશમજ્ઞાન છે. ૧૧૯.

*

નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વસંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. શાસ્ત્રભણતર તે જ્ઞાન નથી, પણ નિર્વિકલ્પ-સ્વસંવેદનલક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્રલક્ષણ સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદનજ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય તેવો નથી. ભગવાનની ભક્તિથી જણાય તેવો નથી. આનંદની અનુભૂતિના સ્વસંવેદનજ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદનજ્ઞાનથી એને જણાય એવા છે. ૧૨૦.

*

નિર્વિકારી આનંદ સહિત જે જ્ઞાન હોય તેને સમકિતિનું ક્ષયોપશમજ્ઞાન કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થતાં આત્મ-અનુભવ થતાં તેની પર્યાયમાં આખો આત્મા આવતો નથી. પણ બધી શક્તિઓ પર્યાયમાં એકદેશ પ્રગટ થાય છે. તારો આત્મા તને શેનાથી જણાય ? - કે આનંદની અનુભૂતિ સહિતના સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જણાય એવો છે, જ્યારે અનંત શક્તિઓ એક અંશે પર્યાયમાં પ્રગટ થાય ત્યારે આત્મા જણાય છે. ૧૨૧.

*

જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદન આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટ્યું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાની-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ તે પ્રગટ પર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે ? - ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટી છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે ? - કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું ? સમ્યગ્દષ્ટિ ધર્મીનો વિષય શું ? -કે ત્રિકાળી-આત્મા તે એનો વિષય છે કે જે સકળ-નિરાવરણ-એક અખંડ વસ્તુ છે. ૧૨૨.

*

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

ઉત્તર :– અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એનાં નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. ૧૨૩.

*

ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે, હોય છે તેને કરવું છે ક્યાં ? ખરેખર તો દ્રવ્ય ઉપર દષ્ટિ ગઈ– દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો. તે પર્યાયનો સ્વકાળ હતો. તેનો પણ કર્તા નથી. કેમ કે ભાવશક્તિના કારણે ભવન તો છે, તો છે એને કરવું શું ? ૧૨૪.

*

જે સમયે જે પ્રકારની જે પર્યાય જ્યાં થાય તેની નોંધ કેવળજ્ઞાનમાં છે. કેવળજ્ઞાની એક સમયની પર્યાય ત્રણલોકની ત્રણકાળની પર્યાયોને પ્રત્યક્ષ જાણે છે. જે પર્યાય થઈ નથી. તેને પણ ભવિષ્યમાં જે વખતે થશે તેવી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. નિગોદનો જીવ ક્યે સમયે સિદ્ધ થવાનો છે તેને કેવળી વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે. કેવળજ્ઞાનનો જેને આવો નિર્ણય થાય તેની દ્રષ્ટિ પર્યાયમાંથી ખસીને દ્રવ્યમાં જાય અને તેના ભવ ભગવાને દીઠા નથી. કેવળજ્ઞાનની હૈયાતીનો સ્વીકાર જેને આવે તેને જ્ઞાનસ્વભાવનો નિર્ણય આવ્યા વિના રહે નહીં. અનાદિ અનંત જે સમયે જે પર્યાય થવાની છે તે ત્યારે જ થશે. અનંત પર્યાયનો તે સમયનો તે કાળ આઘો-પાછો ન થાય, ક્રમસર જ થાય. ૧૨૫.

*

ક્રમબદ્ધ સિદ્ધ કરવાનો હેતુ એકર્તાપણું બતાવવું છે. એક તત્ત્વના પરિણામ બીજું તત્ત્વ કરે એમ ત્રણ કાળમાં બનતું નથી. જે સમયે જે દ્રવ્યની જે ક્રમબદ્ધપર્યાય થાય છે. તેનો કર્તા અન્ય દ્રવ્ય નથી એમ કહીને સિદ્ધ એમ કરવું છે કે જીવ છે તે રાગનો કર્તા નથી, જીવ તો જ્ઞાન શ્રદ્ધા આનંદનું કાર્ય કરે છે. ૧૨૬.

*

જીવ જ્ઞાન ને આનંદના પરિણામે ઉપજતો થકો રાગના પરિણામનું કારણ નથી. ચૈતન્યપ્રકાશસ્વરૂપ અતીન્દ્રિય આનંદના સ્વભાવથી પૂર્ણ ભરેલો ભગવાન છે, તેને દષ્ટિમાં લીધો છે. એવો જીવ જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામો ઉપજવા છતાં રાગના કાર્યનો કર્તા નથી. જે જીવ અનુભવના કાર્યપણે ઊપજ્યો તે રાગના કાર્યપણે ઉપજે એમ બનતું નથી, કારણ કે વિકારરૂપ પરિણમે એવી તેની કોઈ શક્તિ નથી. જીવ કર્તા એટલે કે કારણ અને વીતરાગી પર્યાય તે તેનું કાર્ય એવું હોવા છતાં રાગના કાર્યનું કારણ જીવ નથી કે પરદ્રવ્યના કાર્યનું કારણ જીવ નથી. ૧૨૭.

*

નિરંતર કલ્યાણમય એવા પરમાત્મતત્ત્વને વિષે દેહ-મન-વાણી ઉદયભાવ તો નથી જ. રાગ તો નથી જ પણ ધ્યાનાવલી હોવાનું પણ શુદ્ધનય કહેતો નથી. આહાહા ! પરમાત્મતત્ત્વ તો સદાય શુદ્ધ જ છે. પર્યાયમાં ધ્યાનની જમાવટ જામી છે. આનંદની પરિણતિ જામી છે એવી પર્યાય પણ પરમાત્મતત્ત્વમાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. આહાહા ! પોતાને પામર... પામર... પામર... માની લીધો છે એને પોતે સદાય પરમાત્મા છે એમ બેસવું કઠણ પડે છે. તેણે

પોતાને સાધારણ પ્રાણી માની લીધો છે. ૧૨૮.

*

અરે ભાઈ ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી ! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે ? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઊછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે ? જરૂર પ્રગટ થાય જ. ૧૨૯.

*

એક સમયની વર્તમાન હલચલ થતી-પરિણમન થતી પર્યાયની પાછળ પ્રભુ પોતે બિરાજમાન છે પણ પુણ્ય-પાપને જોવા આડે તેની પાછળ જે ભગવાન બિરાજી રહ્યો છે તેને તું જોતો નથી. ૧૩૦.

*

જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે!! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ? - કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી. ૧૩૧.

*

અનાદિથી જે મોહની સેના છે તેને કઈ રીતે જીતવી ? તેને જીતવાનો ઉપાય શું ? - એ ઉપાય આચાર્ય મહારાજ અહીં બતાવે છે. જેણે ત્રણકાળ ત્રણલોકને એક સમયમાત્રમાં જાણી લીધા છે એવા અર્હંતદેવના દ્રવ્યને, ગુણને ને પર્યાયને પ્રથમ ખરેખર જાણવા. ખરેખર એટલે ?- કે તેમને જાણીને પોતે પણ તેમના જેવો છે એમ મેળવણી કરવા માટે સ્વના લક્ષે અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા. ૧૩૨.


*

દુષ્કર લાગે તોપણ એ સિવાય ચાર ગતિના રઝળપાટ નહીં ટળે બાપુ ! જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે તેના પર અનાદિનું લક્ષ છે પણ તેની સમીપમાં જે પરમ પુરુષ નીકટ બિરાજે છે. સર્વોત્કૃષ્ટ પ્રભુ છે, તેનું લક્ષ કદી કર્યું નથી. તેથી હવે એ પર્યાયને ત્યાં અંતરમાં વાળ ભાઈ ! ૧૩૩.

*

પહેલા પર્યાયનું લક્ષ છોડાવીને પછી ગુણ-ગુણીના ભેદનું લક્ષ છોડાવ્યું છે. સમજાવવામાં તો ક્રમ પાડ્યા સિવાય શી રીતે સમજાવે ? તેથી કહે છે કે, પર્યાયને અંતરમાં વાળ અને સાથે જે ગુણ-ગુણીના ભેદ છે તેને તિરોધાન કરી દે-અદૃશ્ય કરી દે-ઢાંકી દે- એમ કહેવાય છે. વસ્તુ જે દ્રવ્ય છે એટલે કે ચેતન તે દ્રવ્ય ને ચૈતન્ય તે ગુણ એવા ભેદને ઢાંકી દે ને એક અભેદને લક્ષમાં લે. આ તો ત્રણલોકના નાથની વાણી છે. અનંતકાળમાં જે નથી કર્યું તેની વિધિની આ રીત છે. ૧૩૪.

# જીવને અધોગતિમાં જાવાનું કારણ – કુટુંબમોહ અને પરમાં મારાપણું !



## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૫૧૦ પર પ્રવચન

– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

(ગતાંકથી આગળ... )

અહીં શું કહે છે ? તે વૃત્તિઓનું ઉપશમન કે નિવર્તનનો જો કોઈ ઉપાય ન કરવામાં તો તેનો અભાવ નહીં થાય, આ વાત સ્પષ્ટ સંભવિત દેખાય છે. *‘ઘણી વાર પૂર્વકાળે વૃત્તિઓના ઉપશમનનું તથા નિવર્તનનું જીવે અભિમાન કર્યું છે,...’* (એટલે કે) હું ત્યાગી થઈ ગયો, મેં આ છોડી દીધું, આ કરી લીધું, તે કરી લીધું, વ્રત લઈ લીધા, નિયમ પાળી લીધા – એ રીતે અભિમાન કર્યું છે. (આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આવે છે) *‘લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન, ગ્રહે નહીં પરમાર્થને લેવા લૌકિક માન’* પરમાર્થ એટલે આત્મકલ્યાણને ગ્રહણ કરતા નથી. લોકોમાં માન મળશે – આ તપસ્વી છે, આ વ્રતધારી છે, આ દાનવીર છે. પૂર્વકાળે જીવે આ પ્રકારનું અભિમાન કર્યું છે. *‘પણ તેવું કંઈ સાધન કર્યું નથી,...’* આત્મકલ્યાણ થાય તેવુ કોઈ સાધન કર્યું નથી.

*‘અને હજુ સુધી તે પ્રકારમાં જીવ કંઈ ઠેકાણું કરતો નથી, અર્થાત્ હજુ તેને તે અભ્યાસમાં કંઈ રસ દેખાતો નથી;...’* પૂર્વકાળે આત્મકલ્યાણનો કોઈ પ્રયાસ કર્યો નથી અને અત્યારે પણ આત્મકલ્યાણમાં રસ નથી. *‘તેમ કડવાશ લાગવા છતાં તે કડવાશ ઉપર પગ દઈ આ જીવ ઉપશમન, નિવર્તનમાં પ્રવેશ કરતો નથી.’* આત્મકલ્યાણનો માર્ગ કડવો લાગે છે, સારો નથી લાગતો. ભલે સારો ન લાગતો હોય, ભલે થોડો કઠણ લાગતો હોય પરંતુ (આત્મકલ્યાણ) કરવું જ છે એવો નિર્ધાર કરીને જીવ પ્રવેશ કરતો નથી.

*‘આ વાત વારંવાર આ દુષ્ટપરિણામી જીવે વિચારવા યોગ્ય છે;...’* આ વાત વારંવાર વિચાર કરવા યોગ્ય છે, ગૌણ કરવા યોગ્ય નથી, ઉપેક્ષા કરવા યોગ્ય નથી. *‘વિસર્જન કરવા યોગ્ય કોઈ રીતે નથી.’* એટલે કે ઉપેક્ષા કરવો યોગ્ય નથી કે, ચાલો ! મૂકો વાતને પડતી, આપણાથી નહીં થાય! આવુ આત્મકલ્યાણ મારાથી નહીં થાય. એ રીતે ખોટા નિર્ધારથી ક્યારેય આડ મારવી નહીં, એવી આડ ન મારવી કે, મારાથી નહિ થાય, શું કરવું ? મારાથી નહિ થઈ શકે, એવું ક્યારેય ન લેવું. પરંતુ મારાથી કેમ ન થાય ? એમ લેવું. થવું જ જોઈએ. હું કેમ ન કરી શકું ? જ્યારે બીજા કરી શકે છે તો હું કેમ ન કરી શકું ?

જુઓ ! અત્યાર સુધીમાં અનંતા જીવો સિદ્ધાલયમાં પહોંચ્યા કે ન પહોંચ્યા ? (તેમાંથી) એક પણ સિદ્ધ પરમાત્માનો જીવ એવો નથી કે જે પહેલા આપણાં જેવો સંસારી નહોતો. બધાં સિદ્ધાત્માઓએ સિદ્ધ થયા પહેલા અનંતકાળ સુધી ચાર ગતિમાં પરિભ્રમણ કર્યું છે. બધાંનું પંચ પરાવર્તન અનંત વાર થઈ ચૂક્યું છે. એકપણ સિદ્ધ

પહેલા નથી. પહેલા કોઈ નથી અને અંતિમ પણ કોઈ નથી. કોઈ પહેલા નંબરમાં નહિ ગણી શકાય કે કોઈ છેલ્લો નંબર નહિ આવે. ત્યાં ક્યારેય સંખ્યા નહોતી અને પહેલા સિદ્ધ ભગવાને પ્રવેશ કર્યો, એવું નથી. અનંતકાળ પહેલા પણ અનંત સિદ્ધ હતા. એનાથી અનંતકાળ પહેલા પણ અનંત હતા. આ થોડો ગણિતની બહારનો વિષય છે. અંકગણિતની બહારનો વિષય છે. આ અંકગણિતની બહારનો વિષય પણ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. અનાદિઅનંત છે. અનંતના પણ અનંત ભેદ ! અનંતના કેટલા ભેદ ? અનંતના અનંત ભેદ. અસંખ્યના અસંખ્ય ભેદ ! આ ગણિતના બહારના વિષયને, ગણિતમાં લેવા જતા તે વાતનો પત્તો લાગે તેમ નથી. કોઈપણ સંસારી નહોતા અને સિદ્ધ થયા, એવો એક પણ જીવ નથી. પહેલા સંસારી નહોતા અને પહેલેથી સિદ્ધ હતા એવો એકપણ જીવ નથી. બધાં સંસારી હતાં. જેટલા અનંતાનંત સિદ્ધ થાય તે બધાં સંસારીમાંથી જ સિદ્ધ થયા છે. હવે, જ્યારે અનંત (જીવ સિદ્ધ) થઈ શકે છે તો હું કેમ ન થઈ શકું ? હું પણ થઈ શકું છું. એમ જ લેવું. 'હું ન થઈ શકું' એમ નિરાશાવાદી ક્યારેય ન થવું - આશાવાદી રહેવું. ક્યારેય પણ નિરાશાવાદી ન થવું.

કારણકે બધાં આત્મામાં - મારામાં, તમારામાં - બધાંમાં અનંત શક્તિ છે. કેટલી શક્તિ છે ? સંખ્યાથી પણ અનંત છે અને એક-એક શક્તિનો power પણ બેહદ છે. જેની કોઈ હદ નથી - સીમા નથી. જેમ અગ્નિનો એક કણ - ચિનગારી આખા વિશ્વને બાળવામાં સમર્થ છે તેમ જ્ઞાનનો એક કણ (અંશ) જ્યાં છે ત્યાં લોકાલોકને જાણવાની અનંત જ્ઞાનશક્તિ છે ! શાંતિ પણ બેહદ છે ! આનંદ પણ બેહદ છે ! સુખ પણ બેહદ છે! બધું એક જાતિનું છે. જ્યારે આપણામાં જ અનંત સુખ, અનંત આનંદ છલોછલ ભર્યા છે, તો એમાંથી પ્રાપ્ત નહીં થવાની વાત જ ક્યાં રહે છે! કેમ પ્રાપ્ત ન થાય ? બીજાંથી લેવું હોય તો પરાધીનતા કરવી પડે. પરંતુ બીજાથી (લેવાની) પરાધીનતા તો છે નહીં. આપણા પોતાથી કામ થાય છે. એમાં કોઈની જરૂર નથી, કોઈ મદદ કરતું નથી. શક્તિ સ્વયં કાર્ય કરે છે. શક્તિને જો મદદની જરૂર પડે તો તેને શક્તિ એવું નામ દેવું વ્યર્થ છે. તેને શક્તિ એવુ નામ શું દેવું ? પોતાનું નામ જ 'શક્તિ' છે, તેને કોઈની જરૂર નથી.

તેથી આ માર્ગમાં પ્રવેશ થતા પહેલા સંકેતરૂપે શક્તિનો સળવળાટ આવે છે. તેના ઉપાદાનમાં અંદરથી ફેરફાર થવા લાગે છે. ભલે તેની પોતાની સમજમાં તે આવે કે ન આવે. પરંતુ થાય છે જરૂર! અંદરમાં ખળભળાટ ચાલુ થઈ જાય છે. જેમકે કોઈ માણસ ગાઢ નિદ્રામાં સુતેલો છે, તેમ જીવ અજ્ઞાન નિદ્રામાં સુતેલો છે. તે જાગીને કાંઈક પ્રવૃત્તિ કરશે તે પહેલા પણ પડખુ તો બદલશે, કંઈક હલચલ તો ચાલુ થઈ જશે. પછી જાગશે ને ? એમ મોક્ષમાર્ગમાં પોતાના હિતને અર્થે આત્મા જાગૃત થાય તે પહેલા અંદરમાં થોડો ખળભળાટ થઈ જ જાય છે. બધાંને એવો અનુભવ થાય છે. જે પણ આ માર્ગમાં આવે છે તેને બધાંને આવો અનુભવ થાય જ છે.

મુમુક્ષુ :- અનાદિની જે સંસાર પરિણતિ ચાલી રહી છે, તેની સાથે ઘર્ષણ ચાલુ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- તે તો પછી શરૂ થાય છે.

આ તો તે પહેલા - ઘર્ષણ શરૂ થાય તે પહેલા આત્મામાં સળવળાટ શરૂ થાય છે. તે ભૂમિકામાં ભલે સમજાય નહીં કે, આ શું થઈ રહ્યું છે ? પરંતુ સળવળાટ શરૂ થઈ જ જાય છે. તેનું કારણ છે કે, અંદરમાં અનંત શક્તિ છે. ફળ શું આવવાનું છે ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય અનંત..અનંત.. પ્રગટ થવાના છે. અનંત પ્રગટ થશે તો એટલી બેહદ શક્તિ અંદર ભરી છે તેની કેટલીક પ્રક્રિયા ચાલુ થઈ જાય છે. તો આ શક્તિ ઠંડી કેવી રીતે રહી શકે ? તેમાં ઢીલાપણું ન રહી શકે. તેની કંઈક ને કંઈક હિલચાલ ચાલુ થઈ જ જશે.

મુમુક્ષુ :- જ્ઞાનીપુરુષને તે દેખાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- (હા), તેની અમુક વાત ઉપરથી ખ્યાલ આવી જાય છે. તેના લક્ષણો દેખાતા ખ્યાલ આવી જાય છે.

જૈન સંપ્રદાયમાં એક નવુ ભૂત વળગ્યુ કે, કર્મ હેરાન કરે છે. અમારે તો આત્મકલ્યાણ કરવું જ છે. શું કામ ન કરીએ ? પરંતુ આ જે કર્મ છે ને તે કરવા દેતા નથી. અમારા કેટલાક કર્મ એવા છે કે જે (આત્મકલ્યાણ) કરવા દેતા નથી. આવુ એક નવું ભૂત વળગ્યુ છે. આવુ એક નવું ભૂત વળગી ગયુ છે. ત્રણે સંપ્રદાયમાં - સ્થાનકવાસી, દિગંબર, શ્વેતાંબરમાં (આ જ ચાલી રહ્યું છે). આ કર્મનું ભૂત છે. જ્ઞાની શું કહે છે ખબર છે ? આ કર્મ સંખ્યામાં તો ઘણાં છે (પરંતુ બધાં મચ્છર છે). આ કર્મના હજારો, લાખો, અનંત પરમાણુ છે તે બધાં મચ્છર જેવા છે, મચ્છર ! સિંહ આગળ મચ્છરની શું હેસિયત ! ઊંઘમાં સુતેલો સિંહ જો પડખુ ફરશે ત્યાં મચ્છરો ભાગવા માંડશે. જાગશે તો શું થશે !! એકપણ ઊભુ નહીં રહે. સિંહ ઊંઘમાં પણ પડખુ ફરશે તો મચ્છરો ઉડવા લાગશે. પછી જો ખબર પડે કે ફરીથી સુઈ ગયો છે તો પાછા બેસવા લાગશે. ભલે મોટી સંખ્યામાં, મોટા પ્રમાણમાં આવતા હોય પરંતુ મચ્છર તે મચ્છર છે, સિંહ તે સિંહ છે. જ્ઞાની એ રીતે (મુમુક્ષુને) જાગૃત કરે છે કે, તું તો સિંહ છો ને ! તું આ કર્મરૂપી મચ્છરોથી કેમ ડરે છો ? અને જે તને ડરાવે છે તે આત્માના સિંહ-સ્વરૂપને જાણતા નથી.

આત્મામાં અનંત આનંદ ભર્યો છે, અનંત સુખ ભર્યું છે અને સ્વાધીન છે તેમ છતાં પણ હું પુણ્યથી સુખી થઈ જઈશ ! એવુ (અજ્ઞાની માને છે અને કહે છે). તો જ્ઞાની કહે છે કે, તને શરમ નથી આવતી ? તેની મદદ લે છો. તું અનંત શક્તિશાળી ચૈતન્ય છો ! અનંત શક્તિનો ધણી છો ! અને તું પરમાણુની મદદ લે છો ? તને શરમ નથી આવતી ? શું થઈ ગયું છે તને ? ગુરુદેવ શું કહેતા હતા ? કે, તને શું થઈ ગયું છે ? અરરર....! તને શું થઈ ગયું છે ? એમ કહેતા હતા. અરરર...! તને આ શું થઈ ગયું ? તું અનંત શક્તિનો ધણી છો અને તું કહે છે, મને રોટલીના બે ટુકડા મળી જાય તો ઠીક અથવા બે રોટલી મળી જાય તો ઠીક ! શું છે આ ? તું ચાર-છ રોટલી ખા છો, તેમાં કેટલો લોટ જોઈએ ? મુઠ્ઠીભર લોટ માટે તું દીન થઈને ભટકે છો, અનંત શક્તિનો, અનંત જ્ઞાનનો ધણી (થઈને પણ દીન બનીને ભટકે છો) ! શું થઈ ગયું છે તને ? એમ કહેતા હતા.

હવે જે વાત કરે છે, ખૂબ સરસ વાત કરી છે. *'પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ*

*થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે.'* શું કહે છે ? સંસારમાં *'પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે...'* એટલે કે પુત્ર-પુત્રી, પતિ-પત્ની, મા-બાપ, ભાઈ-બહેન (વગેરે) જે કાંઈ અને જેટલા પણ (કુટુંબીજન) છે અને બીજી બધી સંપત્તિ - સાધન - સામગ્રી, આબરૂ-કીર્તિ, વગેરે - 'આ બધું મારું છે' એ રીતે મારાપણું થવું તેને કહે છે - 'મોહ'. મોહ એટલે શું ? (પરપદાર્થમાં) પોતાનું અસ્તિત્વ નહીં હોવા છતાં પણ ત્યાં પોતાપણું લાગે છે. ત્યાં અસ્તિત્વ નથી. પોતાના અસ્તિત્વથી શૂન્ય છે તેમ છતાં પણ પોતાપણું લાગે છે. *'તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે.'* એટલેકે રસ લેવા યોગ્ય પણ નથી અને પ્રશંસાને યોગ્ય પણ નથી, પરંતુ નિંદાને યોગ્ય છે.

આ વાત લોકોએ એકદમ સામાન્ય કરી દીધી છે. મોટો અપરાધ હોવા છતાં પણ તેને ફરજ અને ધર્મરૂપે લઈ લીધી છે. કુટુંબધર્મ-કુટુંબફરજમાં લઈ લીધી છે. (લોકો તો એમ કહે છે કે), 'ખૂબ પોતાપણું કરો, વધારે પોતાપણું કરો, ખૂબ-ખૂબ પોતાપણું કરો' જો કે અરસપરસ એકબીજાને service દેવી - કામ કરવું એક અલગ વાત છે, જ્યારે પોતાપણું કરવું એક અલગ વાત છે. અહીં એવો અર્થ નથી કે, હું તમારુ કામ નહીં કરું, જાઓ ! એ વાત નથી. કામ તો કરો નમ્રતાથી પરંતુ પોતાપણું કરીને નહીં, પારકાપણું રાખીને કરો.

પડોશમાં પણ કોઈ બિમાર હોય છે તો આપણે શું કહીએ છીએ કે, 'અમારે ત્યાં આ બિમારીની આટલી-આટલી દવા છે. તેમાંથી કોઈપણ લઈ જાઓ અને અમારે લાયક કાંઈપણ કામ-સેવા હોય તો અમે ખડે પગે તૈયાર છીએ. એથી વિશેષ શું કહેશે ? કે અમારું ઘર તમારું જ ઘર છે. શું કહેશે ? અમારું ઘર તે તમારું જ ઘર છે. તમે જરાપણ સંકોચ ન રાખતા'. તેમ છતાં પણ પારકો ક્યારેય પોતાનો થતો નથી. ગમે તેટલા પ્રેમથી કહે - સ્નેહથી કહે ભલે ને ! તેમ છતાં પણ કોઈ પારકાને પોતાનો કરતા નથી. એ રીતે (પોતાના કુટુંબમાં) કાંઈપણ કરો - સારામાં સારી સેવા કરો પરંતુ પોતાપણાનો અપરાધ કરીને નહીં. (પોતાપણું) એ મોટો અપરાધ છે. તેને lightly ન લેવો - હળવાશથી ન લેવો. તે પ્રકાર સર્વથા નિંદવા યોગ્ય છે, એમ લેવુ. કારણકે જીવને અધોગતિમાં જાવાનું કારણ આ મોહ અને મારાપણું છે.

કોઈ કતલખાનું માંડે છે તો તે મોટો અપરાધ દેખાય છે. કતલખાનું શરૂ કરે તો મોટો અપરાધ લાગે છે, જ્યારે પોતાપણું કરે છે તે મોટો અપરાધ લાગતો નથી. પરંતુ વિચાર કરીએ તો કતલખાનું કોણે માંડ્યું ? જેણે પોતાના પરિવારમાં પોતાપણું કર્યું તેણે. તે ભલે આજે માંડ્યુ ન હોય પણ કાલે તું પણ માંડીશ, જોઈ લેજે ! આ પોતાપણું તને પણ કતલખાનું ખોલાવશે, એ (કામ) તારી પાસે કરાવશે ! તેથી પોતાપણું કરવું (તે મોટો અપરાધ છે).

જ્ઞાની શું કહે છે ? આ પોતાપણું - મોહ જે છે તેને મટાડવાનો ઉપદેશ આપે છે. જ્યારે અજ્ઞાની શું કહે છે ? કે, તમે બીડી ન પીઓ, તમે ચા નહીં પીઓ, તમે એક વખત જમવાનું રાખો, આટલું ખાવાનું છોડી દો, આટલા પચ્ચખાણ લઈ લો, આટલા વ્રત લઈ લો, નિયમ લઈ લો પરંતુ મોહના

વિષયમાં કાંઈ નહીં કહે. જ્યારે જ્ઞાની મોહને છોડાવે છે. (અને કહે છે) કે, મોહને મારો ! આ મોહ તને પોતાપણું કરાવે છે.

મુમુક્ષુ :- ઘરમાં કોઈ ઘરવાળાનો વિપરીત અભિપ્રાય હોય તો તેમાં શું કરવું ?

પૂજ્ય ભાઈશ્રી :- એનો વિપરીત અભિપ્રાય એની પાસે. તેના પરિણામ તેની પાસે. આપણે તો બન્ને વચ્ચે જે સંબંધ છે તેને માત્ર લૌકિક સ્તરમાં નિભાવવો છે. લૌકિક સ્તરમાં જે કાંઈપણ duty છે તે duty render કરો - service render કરો. કેમ ? આપણે પણ તેમની પાસેથી કાંઈક લઈએ છીએ. આપણે કાંઈક લીધું પણ છે. આપણે મફતમાં લેવાના નથી. આપણને પણ રોટલી મળે છે, ઘરમાં આપણી પણ કંઈક સગવડતાઓ હોય છે. હોય છે કે નથી હોતી ? તો શું તે બધું આપણે કરીએ છીએ કાંઈ ? રોટલી પણ આપણે બનાવીએ છીએ શું ? કોઈ દુકાને જાય છે તો કોઈ રોટલી બનાવે છે તો કોઈ બીજી સેવા કરે છે તો કોઈ બીજી–બીજી સેવા કરે છે. સૌ પોત–પોતાની duty બજાવે. આ તો અરસપરસ મફતમાં લાભ નહીં લેવાની વાત છે. પોતાપણું કરવાનું નથી. તેનો ભગવાને નિષેધ કર્યો છે. તે તું ન કર ! બાકી તારા પણ કેટલાક કામ (બીજા દ્વારા) થાય છે તો તું પણ કેટલાક કામ કરી આપ. એક કામ તે કરે છે તો બે કામ તું કરી આપ. ભલે તે એક કરે તું બે કરી આપ. એમાં શું મુશ્કેલી છે ? કામ કરી આપવામાં શું મુશ્કેલી છે ? વળી, એવુ પૂર્વકર્મ પણ તું લઈને આવ્યો છો. પૂર્વકર્મને વશ બધાં સંયોગ–વિયોગ છે અને બધાંને પોતપોતાના (પૂર્વકર્મ) હોય છે. એટલે પોતાપણું નહીં કરતા, પૂર્વકર્મના જે પણ ઉદય આવે તેને પતાવતા જાઓ, પતાવતા જાઓ ! કર્મના બધાં ખાતાઓ સરભર કરતા જાઓ ! ખાતા પૂરા કરો ! બધાં ખાતાઓ બંધ કરો, nil કરતા જાઓ. જે પણ દેવું કર્યું છે, તે લેણ–દેણ પૂરી કરી નાખો ! તે વિના મુક્તિ નથી.

મુમુક્ષુ :- હમણાં વાત ચાલી તે સંદર્ભમાં કોઈને વિપરીત અભિપ્રાય હોય તો તેનો નિષેધ આવવો એક વાત છે પરંતુ દ્વેષ ન થવો જોઈએ.


પૂજ્ય ભાઈશ્રી :- કોઈની પણ પ્રત્યે દ્વેષ કરવાનો ઉપદેશ તો ધર્મમાં છે જ નહીં. કોઈપણ ધર્મમાં નથી. આપણા ધર્મનો તો સવાલ જ નથી. આ તો બહુ ઊંચા સ્તરનો ધર્મ છે. કોઈની પણ પ્રત્યે દ્વેષ કરવાનો (ઉપદેશ નથી). પછી ભલે તે ઘરવાળા હોય કે બહારવાળા હોય. કોઈની પણ પ્રત્યે દ્વેષ કરવાની વાત છે જ નહીં. વળી, ગમે તેવો ઉદય હોય સમભાવથી રહો ! ઉદય ગમે તેવો હોય – અનુકૂળતાનો હોય કે પ્રતિકૂળતાનો હોય. અનુકૂળતામાં રાજી થવાની જરૂર નથી જ્યારે પ્રતિકૂળતામાં નારાજ થવાની જરૂર નથી.

મુમુક્ષુ :- પરદ્રવ્ય ઉપર દ્વેષ કરવાનો કે નહીં?

પૂજ્ય ભાઈશ્રી :- નહીં..નહીં..નહીં.. કોઈ ઉપર દ્વેષ કરવાનો નથી, કોઈને મારવાનો નથી. બધાં આત્મા જ આત્મા છે. અમારી નજરમાં બધાં સાધર્મી છે – કોઈ પરધર્મી છે જ નહીં ને ! અમારી જાતિના છે તો બધાં સાધર્મી છે. કોઈ પરધર્મી છે જ નહીં. બધાં ભગવાન આત્મા છે ! શું છે ? (ભગવાન આત્મા છે).

*

(પ્રવચનનો શેષ ભાગ આવતા અંકે...)



## 'માર્ગદર્શન'

–'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

પ્રશ્ન : પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને ?

ઉત્તર : બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે એકત્વ કેમ છૂટે ? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દૃષ્ટિ જમાવીને પરિણામમાત્રથી એકત્વ ઉઠાવી લેવું. (૨૫૬)

*

પ્રશ્ન :- વૃત્તિ ઉઠતી જ રહે છે, તે કેવી રીતે રોકાય ?

ઉત્તર :- એક સમયની વૃત્તિને તેમાં રહેવા દો. 'હું' તો ત્રિકાળી, એક સમયની વૃત્તિમાં જતો જ નથી. ત્રિકાળીમાં અહંપણું થતાં જ વૃત્તિ પણ ખેંચાઈ આવશે. (ખેંચાતી ચાલી આવશે). (૨૫૭)

*

પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે; પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે; પ્રમાણ અભિન્ન જ કહે છે - તેમ નથી; ભિન્ન-અભિન્ન બન્ને કહે છે. પરંતુ 'એકાંત ભિન્ન છે' એવું જોર દીધા વિના, પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. ''અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી'' તે સત્ય છે. (૨૬૫)

*

પ્રશ્ન :- પરિણામ કઈ રીતે સુધરે ?

ઉત્તર :- નિત્ય અપરિણામી ધ્રુવ ધામમાં દૃષ્ટિને બિરાજમાન કરવાથી પરિણામ સુધરવા લાગશે. (૨૬૭)


*

આખરે તો એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ (એકાંતનો) અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઈએ. (૨૬૮)

*

આ બધી (તત્ત્વની) વાત વિકલ્પાત્મક જાણી લેવાથી શાંતિ માની લેવી નહિ. અભેદ દૃષ્ટિ પ્રગટ કરવી. (૨૭૨)

# હું જ્ઞાયક છું. – એ પરિણતિ પ્રગટ કર !



**તત્ત્વચર્ચા** મંગલવાણી-સીડી-૧૫-A

**– પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન**

પ્રશ્ન :– માતાજી! શું અનુભવ એવી રીતે થયા કરે છે કે જે વિષયમાં અને જે વિકલ્પ આવે છે એમાં જ્ઞાન એકાકાર થઈને એને જ્ઞાનરૂપ પરિણમ્યા કરે છે. એ વખતે વિકલ્પાત્મક અભ્યાસ કરવાનો છે. એટલે વિકલ્પમાં એ વખતે એ વિકલ્પ આવ્યો તો એક બીજો વિકલ્પ ઊભો કર્યો કે ભાઈ હું તો ખરેખર આ જાણનારો તે જ હું છું. આ જુદો જાણનારો છે તે જ હું છું. એમ અભ્યાસમાં કાંઈક પ્રયત્ન કરીએ તો થોડો વખત એવી રીતે કાંઈ કરી શકે છે. હવે પૂજા, ભક્તિ ખાતા-પીતા, ઉંઘતા, હાલતા, ચાલતા બધામાં આપનું એમ કહેવું છે કે ભાઈ તું અભ્યાસ આ જાતનો કર. તો આ રીતે જ વિકલ્પપૂર્વક પહેલા તો અભ્યાસ ચાલશે .

ઉત્તર :– વિકલ્પ ભેગો આવ્યા વગર રહેતો નથી. હજી નિર્વિકલ્પદશા અને નિર્વિકલ્પ સ્થિતિ થઈ નથી. વિકલ્પ છૂટીને સ્વાનુભૂતિસ્વરૂપ પરિણમ્યો નથી. એટલે સહજ ભેદજ્ઞાનની ધારા એને નથી. માટે એને વચ્ચે વચ્ચે વિકલ્પ આવ્યા કરે છે કે હું જુદો છું. એમ વારેવારે દરેક ક્ષણે હું જુદો છું એમ અભ્યાસ કરે. વચ્ચે વચ્ચે વિકલ્પ એક વિકલ્પમાંથી બીજો વિકલ્પ આવે છે. પણ એની પાછળ એની પરિણતિ ભાવને ગ્રહણ કરીને પરિણતિ જો પાછી વળે તો એ બરાબર. પણ એ ન વળતી હોય તો પહેલા એને એવી જાતનો અભ્યાસ શરૂઆતમાં આવે છે એને.

પ્રશ્ન :– વિકલ્પની ભૂમિકા વખતે વચ્ચે જે ભ્રમણમાં થોડુંઘણું પણ ભાવભાસન જેવું થાય એ ભેદજ્ઞાનનો પ્રયોગ કહેવાય?

ઉત્તર :– ભાવભાસન થાય તો ભેદજ્ઞાનનો પ્રયોગ છે. નહિતર વિકલ્પરૂપ છે.

પ્રશ્ન :– આપે કહ્યું ને વચમાં કે નિર્ણય કરીને પરિણતિ આ તરફ આવવી જોઈએ. નિર્ણય કરીને પરિણતિ આ તરફ વાળવી જોઈએ એમાં આપને શું કહેવું છે?

ઉત્તર :– નિર્ણય તો કર્યો કે હું જ્ઞાયક છું. નિર્ણય કર્યો હું જ્ઞાયક છું. પણ જ્ઞાયક જ્ઞાયકરૂપે રહેતો નથી તો જ્ઞાયકને જ્ઞાયકરૂપે એને પરિણતિ પ્રગટ કરે તો ખરો જ્ઞાયક થાય ને? શ્રદ્ધામાં તો લીધું કે હું જ્ઞાયક છું. પણ એ જ્ઞાયક જ્યારે કાંઈ પણ વિકલ્પ આવે ત્યારે જ્ઞાયક જ્ઞાયકરૂપે તો ભાસતો નથી. શ્રદ્ધામાં જ્ઞાયક લીધો. જ્યારે કાંઈક કાંઈક વિકલ્પ ચાલતા હોય તો જ્ઞાયક જ્ઞાયકરૂપે ભાસતો નથી.

અને જ્ઞાયકનું કોઈ જાતનું અંદરમાં કાંઈ એને વેદન નથી. તો ભાસતો નથી તો જો શ્રદ્ધા એનું નામ કહેવાય કે શ્રદ્ધાનું બળ એમ કે આવી તને શ્રદ્ધા જ છે. જે શ્રદ્ધા છે કે હું જ્ઞાયક જ છું. તો તે રસ્તે એને જાવું જ ન જોઈએ. જો શ્રદ્ધાનું ખરું બળ હોય તો કર્તાપણાના રસ્તામાં એને હું જ્ઞાયક છું એવી જાતનું બળ એને અંદરથી આવવું જ જોઈએ. તો એની શ્રદ્ધા બરાબર છે. એ એને શ્રદ્ધા તો કરી. તો શ્રદ્ધાનું કાર્ય એમ આવવું જોઈએ કે દરેક ક્ષણે કર્તાપરિણામ વખતે હું જ્ઞાયક છું. અને એ જાતનું બળ અને એ જાતની પરિણતિ એને અંદરથી આવવી જોઈએ. એક શ્રદ્ધા કરી કે આ રસ્તે જાવા જેવું નથી. આ ખોટું છે. હું કર્તા નથી. આ પરપદાર્થને હું કરી શકતો નથી. આ વિકલ્પ મારો સ્વભાવ નથી. હું તો જ્ઞાયક છું. એમ નક્કી કર્યું તો એવી રુચિ હોય ને જ્ઞાયકરૂપે રહેવાનો પ્રયત્ન આવ્યા વગર રહેતો નથી. કે આ રસ્તે જાવું છે. તો આ રસ્તો બરાબર નથી. આ ખોટો રસ્તો છે. કે આ ઊંધો રસ્તો ત્યાં કાંઈ આ નગર આવવાનું નથી. તો એમ નક્કી કર્યું કે નથી આવવાનું તો એ બાજુ પગલા ભરવાનું શું પ્રયોજન છે? માટે જે રસ્તે નગર આવે ત્યાં જ પગલા ભરવાનો પ્રયત્ન થયા વગર રહેતો નથી. તો એવી શ્રદ્ધાનું બળ એ જાતનું ભલે ધીરે ધીરે થાય પણ એ શ્રદ્ધા એનું એટલું કામ તો એનું કરવું જોઈએ.

*

(તત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે... )

## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' ( જૂન-૨૦૨૫, ગુજરાતી તથા હિન્દી ) ના અંકની સમર્પણ રાશિ
**આગમ, શ્લોકા, વૈદેહી તથા મોક્ષ (મુંબઈ)**
દ્વારા ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે,
જેથી પાઠકોને આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.


## પરમ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૪મી જન્મ જયંતિ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન

પરમ ઉપકારી પુરુષાર્થમૂર્તિ પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીની ૧૧૪મી જન્મ જયંતિ 'ગુરુ-ગૌરવ', સોનગઢ ખાતે આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, આગ્રા, ભાવનગર ઈત્યાદિ શહેરોથી મુમુક્ષુઓએ પધારીને લાભ લીધો.

તા. ૦૮-૦૫-૨૦૨૫ ના જન્મ જયંતિ દિને બાલકુંવરના પારણાઝુલન, જન્મવધામણા તથા ભક્તિ આદિ કાર્યક્રમો યોજાયેલ જેમાં સર્વે મુમુક્ષુઓએ આનંદોલ્લાસપૂર્વક લાભ લીધેલ.

## આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે.





-આજ્ઞાંકિત સેવક સોભાગ લલ્લુભાઈ

*(પરમ કૃપાળુદેવના પ્રત્યક્ષ યોગે પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના આત્મા ઉપર જે ઉપકાર થયો તે તેમના જ શબ્દોમાં નીચેના પત્રમાં પ્રસિદ્ધ થયો છે.)*

સાયલા–જેઠ સુદી–૧૪, રવિ – ૧૯૫૩.

પરમપુરુષ, તરણતારણ, પરમાત્મદેવ, કૃપાનાથ, બોધસ્વરૂપ, દેવાધિદેવ, મહાપ્રભુજી, સહજાત્મ સ્વરૂપ સ્વામીની સેવામાં. મુંબઈ.

શ્રી સાયલેથી લિ. આપનો આજ્ઞાંકિત સેવક પામરમાં પામર સોભાગ લલ્લુભાઈના નમસ્કાર વાંચશો.....

''.....દેહ ને આત્મા જુદો છે. દેહ જડ છે. આત્મા ચૈતન્ય છે. તે ચેતનનો ભાગ પ્રત્યક્ષ જુદો સમજમાં આવતો નહોતો. પણ દિન ૮ થયાં આપની કૃપાથી અનુભવગોચરથી બેફાટ પ્રગટ જુદો દેખાય છે અને રાતદિવસ આ ચેતન અને આ દેહ એમ આપની કૃપાદૃષ્ટિથી સહજ થઈ ગયું છે. એ આપને સહજ જણાવા લખ્યું છે.....''

---


## જીવના પરિણામની વિચિત્રતા !!



...વિચિત્રતા કેવી છે ? કે, જે ચીજ પોતાની નથી, કાયમ પોતા સાથે રહેવાની પણ નથી, ગમે તેટલું મમત્વ કરે, શરીરથી માંડીને, રૂપિયાથી માંડીને, ઘરથી માંડીને, કુટુંબ–પરિવારથી માંડીને ગમે તેટલું મમત્વ કરે, ગમે તેટલા તીવ્ર રસથી મમત્વ કરે, કોઈ સંયોગ હંમેશાં રહે એવું કોઈના માટે બન્યું નથી, બનવાનું પણ નથી. એની પાછળ આખેઆખો ખોવાઈ જાય છે અને જે શાશ્વત ચીજ પોતે છે એની દરકાર કરતો નથી ! આ એક જીવની બહુ મોટી વિચિત્રતા છે.

*(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૫૬, અધ્યાત્મ સુધા' ભાગ-૨, પાનું -૨૧૨)*

## આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ !



ધન્ય ગુરુ !!
ધન્ય શિષ્ય !!

### શિષ્યરત્ન સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ સંબંધિત હૃદયોદ્‌ગારો!!



આપની સર્વોત્તમ પ્રજ્ઞાને નમસ્કાર કરીએ છીએ. કળિકાળમાં પરમાત્માએ કોઈ ભક્તિમાન પુરુષો ઉપર પ્રસન્ન થવું હોય, તો તેમાંના આપ એક છો. અમને તમારો મોટો ઓથ આ કાળમાં મળ્યો અને તેથી જ જિવાય છે. (પત્રાંશ-૨૧૫)

*

અને વારંવાર એ જ રટના રહેવાથી 'વનમાં જઈએ' 'વનમાં જઈએ' એમ થઈ આવે છે. આપનો નિરંતર સત્સંગ હોય તો અમને ઘર પણ વનવાસ જ છે. (પત્રાંશ-૨૧૭)


*

આજે આપનું એક પત્ર મળ્યું. વાંચી હૃદયગત કર્યું. એ વિષે આપને ઉત્તર ન લખીએ એવી અમારી સત્તા આપની પાસે યોગ્ય નહીં; તથાપિ આપને, અંતર્ગત સમજાયું છે, તે જણાવું છું, કે જે કંઈ થાય છે તે થવા દેવું, ન ઉદાસીન, ન અનુદ્યમી થવું; ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી અને ન મૂંઝાવું. કદાપિ આપ જણાવો છો તેમ અહંપણું આડું આવતું હોય તો તેનો જેટલો બને તેટલો રોધ કરવો; અને તેમ છતાં પણ તે ન ટળતું હોય તો તેને ઈશ્વરાર્પણ કરી દેવું; તથાપિ દીનપણું ન આવવા દેવું. શું થશે? એવો વિચાર કરવો નહીં, અને જે થાય તે કર્યા રહેવું. અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવું નહીં. અલ્પ પણ ભય રાખવો નહીં. ઉપાધિ માટે ભવિષ્યની એક પળની પણ ચિંતા કરવી નહીં; કર્યાનો જે અભ્યાસ થઈ ગયો છે, તે વિસ્મરણ કર્યા રહેવું; તો જ ઈશ્વર પ્રસન્ન થશે, અને તો જ પરમભક્તિ પામ્યાનું ફળ છે; તો જ અમારો તમારો સંયોગ થયો યોગ્ય છે, અને ઉપાધિ વિષે શું થાય છે તે આપણે આગળ ઉપર જોઈ લઈશું. 'જોઈ લઈશું' એનો અર્થ બહુ ગંભીર છે. (પત્રાંશ-૨૧૭)

*

વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ. (પત્રાંશ-૨૪૪)

*



# કોઈનો સાથ કાયમ નથી!!

**– સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ**

*'આ તો પંખીના મેળા જેવું છે.' શું છે ? 'ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે.'* પછી એ કુટુંબ પરિવારના સભ્યો હોય કે મંડળના સભ્યો હોય કે બહારમાં સમાજના સભ્યો હોય, ગામના સભ્યો હોય દેશના (હોય એને) લોકો દેશવાસી કહે છે. અમે ગુજરાતી, અમે ભારતવાળા, અમે ભાવનગરના કે અમે ફલાણાં કુટુંબના, ફલાણાં કુળના, અમે ફલાણાં મંડળના, ફલાણી સંસ્થાના એ બધાં છૂટાં પડી જશે, કોઈ ક્યાંય ચાલ્યું જશે, કોઈ ક્યાં ચાલ્યું જશે, કોઈ ક્યાં ચાલ્યું જશે. વંટોળિયામાં તણખલા ક્યાંયના ક્યાં ઊડી ઊડીને પડે છે. હજારો તણખલા હોય, લાખો તણખલા હોય ક્યાંય ઊડી ઊડીને પડે છે. એમ આ સંસારનો વંટોળ ચાલે છે. કોઈ ક્યાંય ઊડીને પડે છે, કોઈ ક્યાંય ઊડીને પડે છે.

પ્રશ્ન : મુમુક્ષુ ભેગા રહેશે ?

સમાધાન : કોઈ નિયમ નથી. મુમુક્ષુને કાંઈ બધાંને એકસરખા પરિણામ હોતા નથી. એકસરખા પરિણામવાળા છે ? એક સરખી યોગ્યતાવાળા છે ? એવો કોઈ નિયમ નથી. સાથે રહે એવો કોઈ નિયમ નથી અને સાથે રહે તો એનો લાભ નથી. અત્યારે સાથે રહેવાનો લાભ નથી અને પછી પણ સાથે રહેવાનો કોઈ લાભ નથી. એથી કાંઈ લાભ નથી.

જેમ એક ઝાડ ઉપર અનેક પંખીઓ આવીને બેસે, જુદી જુદી જગ્યાએથી આવીને (બેસે) એમ અનેક જગ્યાએથી જુદાં જુદાં જીવોનો સંયોગ થયો છે. એ સંયોગની અંદર કાંઈ મમત્વ કરવા જેવું નથી એમ કહેવું છે. *'આ તો પંખીના મેળા જેવું છે. ભેગાં થયેલાં બધાં છૂટાં પડી જશે.'* (આ) નિયમબદ્ધ વાત છે. કોઈ સાથે રહે છે એવું બનતું નથી. વસ્તુસ્થિતિ જ આ છે. એટલે એમ કહે છે કે આ બધા સંયોગ માત્ર અનિત્ય છે. જે અનિત્ય છે, કાયમ નથી એમાં કાયમપણું રાખીને, રસ લઈને તું દુઃખ સિવાય બીજું કોઈ ફળ મેળવી શકીશ નહીં. એનું ફળ દુઃખ સિવાય બીજું કાંઈ મળશે નહીં.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૯૯, 'અધ્યાત્મ સુધા' ભાગ-૩, પાનું -૨૬૯,૨૭૦)

## આવશ્યક સુચના

"સ્વાનુભૂતિ પ્રકાશ" માસિક પત્રિકા સમયસર પ્રાપ્તિ માટે જે લોકોને **(e-copy) - pdf.** ના રૂપમાં જોઈતી હોય તેમણે પોતાના રજિસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરવો.
શ્રી નીરવ વોરા :- ૯૮૨૫૦૫૨૯૧૩



# મુમુક્ષુ જીવ માટે ઉત્કૃષ્ટ ભક્તિનું આદર્શરૂપ!!

## સૌભાગ્યમૂર્તિ સૌભાગ્યભાઈ પ્રત્યે ભક્તિપૂર્ણ હૃદયોદ્‌ગારો !!

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



પરમ મહાત્મા પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈ મહાત્મા શ્રીમદ્ રાજચંદ્રની ભક્તિમાં એકલયે રહ્યા હતા. એવી જે તેમની ઉત્કૃષ્ટ ભક્તિ મુમુક્ષુ જીવ માટે આદર્શરૂપ છે. જે પરાભક્તિથી ગોપાંગનાઓ વાસુદેવની ભક્તિમાં હતી અને જે ભક્તિને લીધે આત્મા પરમાત્મામાં એકરૂપ થઈ જાય તેવી પરાભક્તિ તેઓશ્રીને પ્રાપ્ત હતી. તેમનામાં આત્માર્થીતા, સરળતા, લઘુતા આદિ અનેક ગુણો હતા. તથાપિ ઉપરોક્ત પરાભક્તિવશાત્ એક વિશિષ્ટ ગુણ તે હતો કે 'જ્ઞાનીના માર્ગ ઉપર ચાલવાનો તેમનો અદ્‌ભુત નિશ્ચય' જોઈને કૃપાળુદેવે આ ખાસ ગુણ પ્રત્યે (પત્રાંક-૭૮૩માં) મુમુક્ષુઓનું ધ્યાન ખેંચ્યું છે. તેમને પ્રાપ્ત પ્રત્યક્ષ જ્ઞાની કૃપાળુદેવ અને પરમાત્મામાં અંતર જ નહોતું. એવી સમ્યક્‌પ્રતીતિપૂર્વક કૃપાળુદેવ પ્રત્યે તેમને અચળ પ્રેમ હતો. જેને લીધે અંતે તેઓ જ્ઞાનદશાને પ્રાપ્ત થયા અને આ ભવના છેલ્લા ગણતરીના દિવસોમાં અનંત ભવનું છેદક સમ્યક્ત્વ પ્રાપ્ત કરી એક ભવમાં અનંતભવની કમાણી કરી ગયા.

પૂજ્ય શ્રી સૌભાગ્યભાઈના જીવન પરિચય અંગે સંક્ષેપમાં ઉલ્લેખનીય છે કે તેઓની આર્થિક સ્થિતિ ઘણી નબળી હતી કે જે સ્થિતિમાં સામાન્ય મનુષ્યને તો અનુકૂળ સંયોગોની પ્રાપ્તિ કરવામાં જ પૂરી જિંદગી વ્યતીત થઈ જાય. તેમ છતાં તેમની આત્મકલ્યાણ અંગેની ઝંખના અસાધારણ હતી જે કોઈપણ મુમુક્ષુ માટે ગવેષણીય છે.

પરમ કૃપાળુદેવનો ભેટો થયા પછી તેમના પ્રત્યક્ષ સમાગમમાં રહેવા માટે તેમનો આત્મા હંમેશા ચિંતિત રહ્યા કરતો હતો. અને આ છ-સાત વર્ષના અંતિમ જીવન દરમિયાન તેઓ ૫૬૦ દિવસ જુદાં-જુદાં સ્થળે પ્રત્યક્ષ સમાગમમાં રહ્યા હતા. એમ કહી શકાય કે કૃપાળુદેવનો પ્રત્યક્ષ સમાગમ તે તેમના જીવનની એક પરિણતિ થઈ ગઈ હતી. અને કોઈપણ દિવસ એવો ખાલી નહિ ગયો હોય કે તેમને કૃપાળુદેવનું સ્મરણ ન થયું હોય. કૃપાળુદેવમાં જ તેમનો જીવ વળગેલો રહેતો હતો અને એ જ તેમની પરિણતિની ભજના હતી. અંતિમ અવસ્થામાં તેમણે જે ભાવો વ્યક્ત કરેલા તે તેમની પાત્રતાની ચરમસીમાને દર્શાવનારા છે. કૃપાળુદેવને તેમણે લખી જણાવેલું કે 'હવે રોગના કારણથી દેહ છૂટશે નહિ પરંતુ આપના વિયોગની વેદનાથી દેહ છૂટી જશે.' તે અગાઉ તેમણે અનેક પત્રોમાં અનેક પ્રકારે સાયલે પધારવા માટે વિનંતી કરેલી પરંતુ એમ લાગે છે કે વિયોગની વેદના તીવ્ર થવા અર્થે જ તેઓ સાયલે આવવામાં મોડું કરે જતાં હતાં. જ્યારે પૂજ્યશ્રી સૌભાગ્યભાઈના છેલ્લી હદના પાત્રતાના પરિણામો જોયા કે તુરત જ તેઓ પ્રત્યક્ષ દર્શન માટે પહોંચ્યા અને ત્યાંથી 'બીજજ્ઞાન' દેવાના ખાસ પ્રયોજન અર્થે તેમને ઈડર લઈ ગયા. જેના ફળસ્વરૂપે ઈડરથી આવ્યા પછી તેમને નિર્વિકલ્પ પરમાર્થ ભવછેદક સમ્યક્‌દર્શનની-આત્મસાક્ષાત્કારની પ્રાપ્તિ થઈ હતી.

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી રાજેન્દ્ર જૈન દ્વારા અજય ઑફસેટ, ૧૨-સી, બંસીધર મીલ કંપાઉન્ડ, બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪ થી મુદ્રિત તથા ૫૮૦, જુની માણેકવાડી, પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ, ભાવનગર- ૩૬૪ ૦૦૧ દ્વારા પ્રકાશિત.

સંપાદક : રાજેન્દ્ર જૈન **-09825155066**

Printed Edition : **1240**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041